# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 4-9-2024 Morning : 7.45 to 7.55
Day : Wednesday National News

**આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.**

*****************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મહારાષ્ટ્રનાં ઉદગીરમાં વિશ્વશાંતિ બુદ્ધ વિહારનું ઉદ્ઘાટન કરશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રુનેઈના પ્રવાસ બાદ આજે સિંગાપોર જશે.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં આજે કેન્દ્ર અને ત્રિપુરા સરકાર વચ્ચે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર થશે.
- ✓ પશ્ચિમ બંગાળની ઘટના મુદ્દે સાહિત્યકાર સહિત અનેક લોકોએ તેમને અપાયેલા સન્માન પરત કરવાની જાહેરાત કરી.
- ✓ ભારતીય હવામાન વિભાગે આજે ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ, તથા છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી.
- ✓ પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતે અત્યાર સુધીમાં કુલ 20 ચંદ્રક જીત્યા - રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ ચંદ્રક વિજેતા ખેલાડીઓને પાઠવ્યા અભિનંદન.

*****************************************************

# PRESIDENT - MAHA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના ઉદગીરમાં વિશ્વશાંતિ બુદ્ધ વિહારનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન, મુખ્યમંત્રી એકનાથ શિંદે, કેન્દ્રીયમંત્રી રામદાસ આઠવલે અને નાયબમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર ઉપસ્થિત રહેશે.

સુશ્રી મુર્મુ ઉદયગીરી કોલેજના મેદાનમાં 'શાસન ઉપલ્યા દારી' અને 'મુખ્યમંત્રી મારી લડકી બહેન યોજના'ના લાભાર્થીઓને પણ મળશે. આ સાથે જ નાંદેડમાં તખ્ત સચખંડ શ્રી હુઝુર સાહિબ ગુરુદ્વારાની પણ મુલાકાત લેશે. ઉલ્લેખનીય છે કે સુશ્રી મુર્મુ સોમવારથી મહારાષ્ટ્રની ત્રણ દિવસની મુલાકાતે છે.

..........................................................

# PM- BRUNEI SINGAPORE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રુનેઈના સુલતાન હાજી હસનલ બોલ્કિયા સાથે સંવાદ કરશે. આ  સમયગાળા દરમિયાન બંને દેશ વચ્ચે સહકારના નવા ક્ષેત્રો શોધવા પર ચર્ચા થવાની સંભાવના છે. ત્યારબાદ અનેક સમજૂતીના કરાર પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

શ્રી મોદી બ્રુનેઈ અને સિંગાપોરના બે દેશોના પ્રવાસના પ્રથમ તબક્કામાં ગઈકાલે બંદર સેરી બેગવાન પહોંચ્યા હતા. ત્યાં બ્રુનેઈના ક્રાઉન પ્રિન્સ હાજી અલ-મુહતાદી બિલ્લાહે દ્વારા તેમનું સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રી દ્વારા બ્રુનેઈની આ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે. આ મુલાકાત બંને દેશ રાજદ્વારી સંબંધોની 40 વર્ષ પૂરા થયા છે તેને લઈને છે.

પ્રધાનમંત્રી મોદી તેમની મુલાકાતના બીજા તબક્કામાં આજે સિંગાપોર જવા રવાના થશે. શ્રી મોદી લોરેન્સ વોંગના આમંત્રણ પર સિંગાપોર જઈ રહ્યા છે. આ દરમિયાન બંને નેતા ભારત-સિંગાપોર વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિની સમીક્ષા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. પ્રધાનમંત્રી મોદી લગભગ છ વર્ષ પછી સિંગાપોરની મુલાકાત લેશે. સિંગાપોર સાથે ભારતના મજબૂત સંરક્ષણ સંબંધો છે. બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણમાં સતત વધારો થયો છે.

.........................................................

# HOME MINISTRY- TRIPURA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં આજે નવી દિલ્હીમાં કેન્દ્ર અને ત્રિપુરા સરકાર, નેશનલ લિબરેશન ફ્રન્ટ ઑફ ત્રિપુરા અને ઑલ ત્રિપુરા ટાઈગર ફોર્સના પ્રતિનિધિઓ વચ્ચે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કરાશે.

દરમિયાન ત્રિપુરાના મુખ્યમંત્રી મનિક સાહા અને ગૃહ મંત્રાલય અને ત્રિપુરા સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

ઉત્તર પૂર્વમાં શાંતિ અને સમૃદ્ધિ લાવવા માટે કેન્દ્રએ 12 મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આમાંથી ત્રણ કરાર ત્રિપુરા સાથે સંબંધિત છે. નરેન્દ્ર મોદી સરકાર દ્વારા અનેક કરારો પર હસ્તાક્ષર કરવાને કારણે લગભગ 10 હજાર લોકોએ શસ્ત્રો છોડી દીધા છે અને મુખ્ય પ્રવાહમાં જોડાયા છે.

........................................................

# J & K: JKPCC

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે રામબન અને અનંતનાગ જિલ્લામાં પોતાનાં પક્ષનાં ઉમેદવારોનાં સમર્થનમાં જાહેર સભાઓ સંબોધીને જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે પ્રચારનો પ્રારંભ કરશે.

18 સપ્ટેમ્બરે પ્રથમ તબક્કાની ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવારોનાં પ્રચાર માટે આ સભાઓ યોજવામાં આવી છે. શ્રી ગાંધી આજે સવારે દિલ્હીથી જમ્મુ જશે. તેઓ રામબન જિલ્લાના ગુલ વિસ્તારમાં સભા સંબોધશે અને JKPCCના પૂર્વ વડા વિકાર રસુલ વાની માટે પ્રચાર કરશે. ઉપરાંત તેઓ અનંતનાગ જિલ્લાના દોરુ વિસ્તારમાં બીજી સભા સંબોધશે અને કોંગ્રેસના મહામંત્રી ગુલામ અહેમદ મીરનો પ્રચાર કરશે.

રાજ્યની વિધાનસભા ચૂંટણીનાં સ્ટાર પ્રચારકોમાં રાહુલ ગાંધી ઉપરાંત મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીનો સમાવેશ થાય છે.

.......................................................

# AWARD RETURN - WEST BANGAL

પશ્ચિમ બંગાળની આર જી કર હોસ્પિટલમાં મહિલા તબીબ સાથે બનેલી દુષ્કર્મ અને હત્યાની ઘટનાના વિરોધમાં  અનેક જાણીતા સાહિત્યકારો, ફિલ્મ તેમજ નાટ્યક્ષેત્રના દિગ્ગ્જ્જોએ રાજ્ય સરકારે તેમને અપાયેલા સન્માનને પરત કરવાની જાહેરાત કરી છે.

મમતા બેનર્જી સરકાર દ્વારા જુલાઈ 2013માં સન્માનિત સુદીપ્તા ચક્રવર્તીએ તેમને અપાયેલો વિશેષ ફિલ્મ પુરસ્કાર પરત કરવાનો નિર્ણય કર્યો. જ્યારે બંગાળી થિએટર કલાકાર બિપ્લબ બંદ્યોપાધ્યાયે પણ  પશ્ચિમબંગ નાટ્ય અકાદમી દ્વારા તેમને અપાયેલા પુરસ્કાર પરત કરવાનો  નિર્ણય કર્યો છે.

ચિકિત્સક ચંદન સેને પણ તેઓ નાટ્ય અકાદમી દ્વારા સ્થાપિત ‘દિનબંધુ મિત્ર પુરષ્કાર’ પરત આપી રહ્યા હોવાની જાહેરાત કરી. આ તમામ કલાકારોએ પશ્ચિમ બંગાળની સરકાર પર આરોપ અનેક આક્ષેપ લગાવ્યા હતા.

.......................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરી શકો છો.

........................................................

# APARNA YADAV

ભાજપનાં નેતા અપર્ણા યાદવને ઉત્તર પ્રદેશ મહિલા આયોગના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ સરકારે બબીતા ચૌહાણને આયોગના અધ્યક્ષ તરીકે અને ચારુ ચૌધરીની સાથે અપર્ણા યાદવને ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

નવનિયુક્ત અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનો કાર્યકાળ 1 વર્ષનો રહેશે. ઉલ્લેખનીય છે કે, અપર્ણા યાદવ જાન્યુઆરી 2022માં ભાજપમાં જોડાયા હતા.

........................................................

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ, કોંકણ અને ગોવા, મધ્યપ્રદેશ, વિદર્ભ, અને છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે એલર્ટ જાહેર કર્યું છે.

વિભાગે ઉત્તર તમિલનાડુ, કર્ણાટકને અડીને આવેલા રાયલસીમા, રાજસ્થાન, દક્ષિણ મરાઠવાડાને અડીને આવેલા તેલંગાણા, દક્ષિણ હરિયાણા, પશ્ચિમ અને ઉત્તરપૂર્વ ઉત્તર પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી પણ કરી છે. ઉત્તરાખંડ, પશ્ચિમ બિહાર, પૂર્વ ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ રાત્રિ દરમિયાન ભારે વરસાદ પડવાની સંભાવના છે.

.......................................................

# PERIS PERAOLYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતે અત્યાર સુધીમાં કુલ 20 ચંદ્રક જીતી લીધા છે. જેમાં 3 સુવર્ણ, 7 રજત અને 10 કાંસ્ય ચંદ્રકોનો સમાવેશ થાય છે. ગઈકાલે ભારતે પાંચ ચંદ્રકો જીત્યા હતા.

જેમાં દીપ્તિ જીવનજીએ 400 મીટર T-20 દોડમાં કાંસ્ય ચંદ્રક, શરદ કુમાર અજિત સિંહે રજત ચંદ્રક, મરીયપ્પન થંગાવેલુએ પુરુષ કૂદમાં કાંસ્ય ચંદ્રક જયારે સુંદર ગુર્જરે પણ કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.

આજે સાતમા દિવસે તીરંદાજીમાં ભારતના હરવિન્દર સિંહ, સાયકલિંગમાં અરશદ શૈક અને જ્યોતિ ગડેરિયાના પ્રદર્શન પર ખાસ નજર રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેરાલિમ્પિક્સ રમતમાં ચંદ્રક વિજેતા તમામ ખેલાડીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી અભિનંદન પાઠવ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેરિસ પેરાલિમ્પિક્સમાં મહિલાઓની 400 મીટર – T20 સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ દીપ્તિ જીવનજીને અભિનંદન પાઠવ્યા છે. શ્રી મોદીએ શોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું કે, ભારતને ખેલાડીઓ પર ગર્વ છે.

.....................................................

# RUSSIA UKRAINE WAR

રશિયન સૈન્યએ મિસાઈલ હુમલો કરતા મધ્ય યુક્રેનના પોલ્ટાવા શહેરમાં ઓછામાં ઓછા 51 લોકો માર્યા ગયા અને 200 થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. રશિયન હુમલામાં સૈન્ય સંચાર સંસ્થાન અને એક હોસ્પિટલને નુકસાન થયું છે. યુક્રેનની સેનાએ પુષ્ટિ કરી છે કે, રશિયન હુમલામાં ઘણા સૈન્ય કર્મચારીઓ પણ માર્યા ગયા છે. યુક્રેનના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે હવાઈ હુમલાનું એલાર્મ વાગ્યા બાદ લોકો પાસે બોમ્બપ્રૂફ ઘરો સુધી પહોંચવા માટે પૂરતો સમય નહોતો.

પોલ્ટાવા મિલિટરી કમ્યુનિકેશન્સ ઇન્સ્ટિટ્યૂટમાં જ્યારે રશિયન મિસાઇલો પડી ત્યારે શિક્ષણ કાર્ય ચાલી રહ્યું હતું. રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીએ જાહેરાત કરી છે કે, રશિયાએ આ હુમલાની કિંમત ચૂકવવી પડશે.

........................................................

# WORLD BANK- INDIAN ECONOMY

વિશ્વ બેંકે કહ્યું છે કે, પડકારજનક વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે ભારતની અર્થવ્યવસ્થા માટે મધ્યમ ગાળાનો દૃષ્ટિકોણ સકારાત્મક છે. વિશ્વ બેંકના તાજેતરના ભારત વિકાસ અહેવાલ - "બદલતા વૈશ્વિક સંદર્ભમાં ભારતની વ્યાપાર તકો" અનુસાર, નાણાકીય વર્ષ 2024-25માં વિકાસ દર 7 ટકા સુધી પહોંચવાનો અંદાજ છે. 2025-26 અને 2026-27માં પણ તે મજબૂત રહેવાની ધારણા છે.

એક અહેવાલમાં એવું પણ કહેવાયું છે કે, ભારત ખૂબ જ ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા છે અને નાણાકીય વર્ષ 2023-2024માં તે 8.2 ટકાની ઝડપી ગતિએ વૃદ્ધિ પામવાનો અંદાજ છે. આ દરમિયાન, વિશ્વ બેંકના ભારતના નિદેશક ઓગસ્ટે તાનો કૌમેએ ભારપૂર્વક જણાવ્યું કે, ઘટતા ફુગાવા સાથે ભારતની મજબૂત વૃદ્ધિની સંભાવનાઓ ગરીબી ઘટાડવામાં મદદ કરશે.

........................................................